# મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ





વિશ્વ -સિધ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના -ાગણમાં ઘૂંઘરૂના નાદ, નર્તન અને વાયોલિન વાદનથી નયન રમ્ય નજારો આજે સર્જાયો હતો. ઉત્તારાયણ પછી ઉજવાતા શાસ્ત્રીય નૃત્ય પર્વ દ્વિ દિવસીય ઉત્તારાર્ધ ઉત્સવનો ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાન્ત પટેલ,સાંસદશ્રી જયશ્રીબેન પટેલ સહિત કલાકારશ્રીઓએ દીપ -ાગટ્ય કરી શુભારંભ કર્યો હતો.

આ -સંગે ઉપસ્થિત ગૃહરાજય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકાર -ાચીન ધરોહરને જીવંત રાખવા માટે કટિબધ્ધ છે. જેના ભાગ રૂપે આ મહોત્સવ ઉજવવામાં આવે છે. મોઢેરા ખાતે સુર્યની પુજા સાથે સંકળાયેલ આ ઉત્સવ દેશ-વિદેશમાં -ખ્યાત બન્યો છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે આવેલું સુર્યમંદિર ભારત દેશમાં ખ્યાતનામ સુર્યમંદિરોનું એક છે. ઉગતા સુર્યનું પહેલું કિરણ મોઢેરા સુર્યમંદિરના ગર્ભગૃહમાં પડતું હોવાથી સુર્યપુજાનું સવિશેષ મહત્વ વધી જાય છે. -ાચીન શાસ્ત્રીય નૃત્ય કલાને જીવંત રાખવાના -યાસ સ્વરૂપે રાજય સરકાર દ્વારા દર વર્ષે ઉત્તારાર્ધ મહોત્સવ ઉજવવામાં આવે છે. તાલ, લય, અભિનય, સાહિત્ય, સંગીત અને નાટ્યતત્વનો અદભુત સમન્વય આ મહોત્સવમાં જોવા મળે છે

મહોત્સવમાં સુશ્રી હૈદરાબાદના આનંદાશંકર જયંત અને તેમની શિષ્યા કૃપા રવિ -થમ કૃતિ દશા અવતાર ભરત નાટ્યમ, બીજી રચના આનંદાશંકર જયંત દ્વારા કૃષ્ણલીલા પર આધારીત કુચીપુડીમાં કુચીપૂડી નૃત્યના તાલે મોઢેરાના સુર્યમંદિરના શિલ્પો પણ ઝૂમી ઉઠ્યા હતા. તાલ, લય, અભિનય, સાહિત્ય, સંગીત અને નાટ્યતત્વના અદભુત સમન્વયની કૂચૂપુડી નૃત્ય શૈલીની રજૂઆતે દર્શકોને મોહિત કરી દીધા હતા તરંગમ, ત્રીજી આનંદાશંકર મીરાભજન અને કૃપા રવિ દ્વારા તિલ્લાના ભરત નાટ્યમ રજુ કર્યુ હતું.

આ મહોત્સવમાં ગુરુ ગીતા મહાલિકા દેવ અર્ચના,બીજી સુરદાસ પદ પર આધારિત કૃષ્ણલીલા અને ત્રીજી સ્વાતિ તીરૂનાલની રચના પર આધારિત રામસ્તુતિ રજુ કરશે.

## વણઝારા જામીન અરજી પર ૨૮ તારીખે ચુકાદો

અમદાવાદ,તા. ૧૭

ખાસ સીબીઆઈ કોર્ટે જેલમાં રહેલા આઈપીએસ ઓફિસર પીપી પાંડે અને ડીજી વણઝારા દ્વારા દાખલ કરવામાં આવેલી જામીન અરજી પર સુનાવણી પરિપૂર્ણ કરી લીધી છે. ઈશરત જહા બનાવટી એન્કાઉન્ટ કેસમાં ૨૮મી જાન્યુઆરીના દિવસે તેનો ચુકાદો ખાસ સીબીઆઈ કોર્ટ જામીન અરજી અંગે આપે તેવી શક્યતા છે. સીબીઆઈએ જામીન અરજીનો જોરદાર વિરોધ કર્યો છે. પાંડેના વકીલ નિરુપમ નાણાંવટીએ કહ્યું છે કે, એફઆઈઆરમાં ૨૦ લોકોના નામ આવ્યા છે જે પૈકી માત્ર સાત સામે જ આરોપો મુકાયા છે. નાણાંવટીએ એન્કાઉન્ટરમાં સામેલ રહેલા ચોક્કસ અધિકારીઓ સામે વર્તન બદલ ગુજરાત કેડરના આઈપીએસ ઓફિસર સતીષ વર્મા ઉપર પણ આક્ષેપ કર્યો છે. જામીન અરજી ઉપર ચુકાદાને લઈને તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. પાંડે અને વણઝારાની તરફથી રજૂઆત કરનાર વકીલોએ કહ્યું છે કે, ચાર્જશીટમાં કોઈ એસઆઈબીના અધિકારીઓ નથી.



વિરોધ પ્રદર્શન - રાજ્ય સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળતા સામે ગાંધીનગર ખાતે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીથ વ્યાસ તથા મનપામાં વિરોધપક્ષના નેતા ચીમનભાઈ વિંઝુડાના નેતૃત્ત્વમાં દેખાવો યોજાયા હતા.

## વડાગામથી આકરૂન્દ જતો રોડ ખુલ્લો મુકાતા આનંદ છવાયો

મોડાસા તા.૧૭

ધનસુરા તાલુકાના વડાગામમાં વડાગામથી આકરૂન્દ જવાના રોડ પર ઉપર ૩૦૦ મીટર આર.સી.સી. રોડનું



કામકાજ અધુરુ છોડી દેવાતા અથવા અન્ય બીજા કોઈ કારણોસર વડાગામથી આકરૂન્દ જતો રસ્તો છેલ્લા ૧૫ દિવસથી બંધ કરી દેવાતા ક્વોરી ઉધોગ સાથે સંકળાયેલા લોકો અને આકરૂન્દ તરફ જતા ગામડાના પ્રજાજનો પરેશાન બની ગયા હતા. ત્યારે આજે આ માર્ગ ખુલ્લો મુકાતા ગ્રામજનો ખુશખુશાલ થઈ ઉઠયા હતા.

વડાગામના ગ્રામજનો અને ક્વોરી ઉધોગ સાથે સંકળાયેલા ક્વોરી માલિકોને પડતી અગવડતાને વાચા આપી ગાંધીનગર સમાચારમાં આ અંગેના સમાચાર પ્રસિધ્ધ થતાં ૩૦૦ મીટર આર.સી.સી.રોડ બનાવી રહેલા રોડ કોન્ટ્રાકટરે રોડની તમામ અડચણો દુર કરી રસ્તો ખુલ્લો મુકતાં વડાગામનાં ગ્રામજનો, ક્વોરી ઉધોગ સાથે સંકળાયેલા ક્વોરી માલિકો, તપોવન વિધાલયના બાળકો અને વાલીઓ તેમજ વડાગામથી આકરૂન્દ જવાના રોડ ઉપર આવતા બોરડીટીંબા, વજેપુર, નાણા, નવાનગરના લોકોએ હાશકારો અનુભવ્યો હતો. તથા ઉત્તરાયણના પર્વે પહેલાં માર્ગે ખુલ્લો કરી દેવાતાં વેપારીઓને પણ ઉત્તરાયણનો પર્વમાં આ બધા ગામડાના લોકોની ઘરાઠીનો ફાયદો મળ્યો હતો. ક્વોરી ઉધોગ સાથે સંકળાયેલા ક્વોરી માલિકના જણાવ્યા અનુશાર છેલ્લા ૧૫ દિવસથી આ રોડ બંધ હોવાના કારણે ક્વોરીના ધંધામાં માલ-સામાન હેરાફેરી માટે તકલીફ અનુભવતા હતા અને ૧૫ દિવસ બંધ રહેલા આ રોડને ક્વોરી ઉધોગને નુકશાની ભોગવવાનો વારો આવ્યો હતો. પરંતુ ગાંધીનગર સમાચાર એ અમારા પ્રશ્નોને વાચા આપી અમારા પ્રશ્નોને ઉકેલતાં ક્વોરી ઉધોગ ફરીથી ધમધમવા લાવ્યા છે.

## બાયડ તાલુકાના ઈન્દ્રાણ ગામે શોટર્સકીટથી આગ લાગતાં મકાન આગમાં ભસ્મીભૂત

(સમીર બલોચ) મોડાસા, તા.૧૭

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં આવેલ ઈન્દ્રાણ ગામે આજે સવારના સુમારે ઈન્દ્રાણ ગામે રહેતી એક વિધવાના મકાનમાં આજે ઈલેકટ્રીક સોર્ટ સર્કીટને કારણે આગ લાગતા આ મકાન આગમાં બળીને ભસ્મીભુત થઈ ગયુ હતુ. જયારે આ મકાનની તમામ સામગ્રી પણ આગમાં બળીને સ્વાહા થઈ ગઈ હતી.

જયારે આ ઘટનાની જાણ બાયડ નગરપાલિકાને થતાં તાત્કાલીક ફાયરબ્રીગેડ ઘટના સ્થળ પર રવાના થઈ ગયુ હતુ અને સ્થળ ઉપર પહોચી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર ઈન્દ્રાણ ગામના રહેવાસી સ્વરૂપસીંહ ચૌહાણના મકાનમાં આજે આગ લાગી હતી ત્યારે આ આગ લાગ્યાના સમાચાર ગામમાં પ્રસરી જતાં આજુબાજુના લોકોએ દોડી આવી આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો.

## ગાંધીનગરમાં જળસંચયની એક દિવસીય કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

જળ સંપત્તિ, જળ સંશાધન નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલય, ભારત સરકાર, નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે હમારા જલ હમારા જીવન સાતત્યપુર્ણ વિકાસ અને જળ સંચયની એક દિવસીય કાર્યશાળાનું આયોજન તા.૧૬મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યશિબીરમાં ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોના સરપંચશ્રીઓ, પાણી સમિતિના ચેરમનશ્રીઓ અને અધિકારીશ્રીઓ મળી કુલ- ૨૨૦ જેટલા વ્યક્તિઓ ઉપસ્થિત રહયાં હતાં.

આ કાર્યશાળામાં વિષય નિષ્ણાંત જળ -બંધનના શ્રી છાબરાએ જળની ઉપલબ્ધી તેમજ તેના ઉપયોગ અંગે -બંધન કરવાની વ્યવસ્થાઓની વિષય છણાવટ અને માહિતી પુરી પાડીને સિંચાઇ ક્ષેત્રે ઓછામાં ઓછા વરસાદવાળા ઈઝરાયલ દેશની સિંચાઇ વ્યવસ્થામાં જળ -બંધનની વિગતો આપી હતી. તેમજ પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા એશિયાના સૌથી નાના દેશ એવા સિંગાપુરનું દષ્ટાંત આપીને વરસાદના પાણીના ટીપે ટીપાનું સારામાં સારું -બંધન કેમ કરી શકાય તેમજ ઉપયોગમાં લેવાની વ્યવસ્થાની વિસ્તૃત માહિતી આપી હતી.

જળ સંરક્ષણના શ્રી પંડિતે જળ સંરક્ષણ વિષયને વિગતે સમજાવવા માટે વરસાદના પાણીની આવકને જળ સંગ્રહ સ્થાનો જેવા કે તળાવ, ચેકડેમ, ખેત તલાવડી, રિચાર્જ વેલ અને ભુગર્ભ ટાંકામાં સંગ્રહ કરી વર્ષમાં વધુમાં વધુ સમય દરમ્યાન તેનો કેમ ઉપયોગ કરવો, ભુગર્ભ જળની સપાટીમાં વધારો કરવા તેમજ તેના સંગ્રહનો સિંચાઇ ક્ષેત્રે અને પીવાના પાણીના ઉપયોગમાં લેવા અંગેની વ્યવસ્થાની વિસ્તૃત જાણકારી આપી હતી. તેમજ અગાઉના વર્ષોની પાણીની જરૂરિયાતને સાપેક્ષમાં લઇ હાલમાં થયેલ વસ્તીની સંખ્યાને ધ્યાનમાં લઈ જળ સંગ્રહ વધુમાં વધુ થાય અને તેની આવનારા વર્ષોમાં આવનારી પેઢીને ભુગર્ભ જળ તેમજ સંરક્ષિત જળથી લાભ આપી શકાય તેની દષ્ટાંત પુર્વક વાત કરી હતી. આ સમગ્ર બાબતે ભાગીદારી તેમજ સ્વયં લોક જાગૃતિની જરૂરિયાતનું મહત્વ પણ સમજાવ્યું હતું.

જળ સુરક્ષાના શ્રી મયંક સી. આચાર્યએ ઉપલબ્ધ પાણીની ગુણવત્તાની જાળવણી ઉપરાંત તેને -દૂષણથી મુક્ત રાખવાનો -યાસ કરવા અને -દૂષણ થતું રોકવાની વાત પર ખાસ ભાર મુક્યો હતો. ટયુબવેલમાં વધુ ઉંડાઈએથી મળતા પાણીમાં થયેલ ક્ષારની માત્રા વધારે હોઈ, તેના બાબતે જળ સુરક્ષા કરવાની વિવિધ પધ્ધિતિઓની વિસ્તૃત વાત કરી હતી. વધુમાં તેઓશ્રીએ નર્મદા નહેરમાંથી મળતા પીવાના પાણીના જથ્થાને ટયુબવેલના પાણી સાથે મિશ્રણ કરી વપરાશમાં લેવું વધુ સ્વાસ્થ્યકર અને લાભદાયી છે, તેવું જણાવ્યું હતું.

## ગ્રામસભા અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાંચથી છ ગામોની જવાબદારી સોંપવામાં આવી છે.

આ ગ્રામસભા અભિયાન ગ્રામ વિકાસ વિભાગ દ્વારા યોજવામાં આવી રહ્યું છે. છેલ્લા ગ્રામસભા અભિયાનને મળેલ નબળા પ્રતિસાદને લઈ જિલ્લાએ આ વખતે માઈક્રો પ્લાનીંગ કર્યું છે તેમજ આ અભિયાનમાં પદાધિકારીઓ જોડાય તે માટે આયોજનની વિગતો પણ તેમને મોકલી આપવામાં આવી છે.

આ ગ્રામસભા અભિયાન આમ તો ૧૬મી જાન્યુઆરીથી શરુ થવાનુંહતુ પરંતુ વાયબ્રન્ટ અને સરકારના અન્ય કાર્યક્રમોને ધ્યાને રાખી તે ચાર દિવસ હવે મોડું શરુ થનાર છે.

આ ગ્રામસભામાં મનરેગાની સુધારેલી ગાઈડલાઈન પ્રમાણે લેબર બજેટ પસાર કરવામાં આવશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી જનધન યોજનાની વિગતો આપવા માટે બેંક અધિકારીને ફરજીયાત હાજરી આપવા માટેની સૂચનાઓ જારી કરવામાં આવી છે.

બપોરે ૩ વાગે ગ્રામસભાઓ શરુ થશે. સાંજે જ લાયઝન અધિકારીએ તે અંગેનો અહેવાલ જિલ્લા અને રાજય કક્ષાએ આપવાનો રહેશે.

મળતી વિગતો પ્રમાણે ૨૫ અભિયાનોમાં રજુ થયેલા ૧ હજાર જેટલા પ્રશ્નો હજુ પણ વણ ઉકલ્યા રહેવા પામ્યા છે. આ અભિયાનમાં સૌથી વધુ પ્રશ્નો મહેસુલ, શિક્ષણ, પંચાયત અને માર્ગ મકાન વિભાગ તેમજ ઉર્જા વિભાગને લગતા રહેવા પામ્યા છે.

ગ્રામસભા અભિયાનનું જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મોનીટરીંગ કરવામાં આવનાર છે. આ અભિયાનમાં રાજયકક્ષાએથી મંત્રીશ્રી તેમજ પ્રભારી સચિવશ્રી પણ હાજરી આપવા આવનાર હોવાનું જાણવા મળેલ છે.

## કોબા હાઈસ્કુલમાં યુવાદિન ઉજવાયો

ગાંધીનગર તા.૧૭

સ્વામી વિવેકાનંદ જયંતી નિમિત્તે યુવાદિન શ્રી જી.ડી.એમ તથા એચ.એન.જે.કોબાવાળા હાઈસ્કુલમાં સ્પોર્ટસ ડે તરીકે ઉજવાયો હતો. ૬૫ વિધાર્થીઓએ વિવિધ રમતો ૧૦૦ મી દોડ, ગોળાફેંક, લાંબી કુદ, ત્રીપગી દોડ, ફુગ્ગાં ફોડમાં ભાગ લીધો હતો. વ્યાયામ શિક્ષક શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલે આયોજન કરેલ હતું. શાળા પરિવારે સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વિજેતા વિધાર્થીઓને આચાર્યશ્રી વી.એમ.પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## માણસા ખાતે સર્વ રોગ આયુર્વેદ નિદાન મેગા કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે આયુર્વેદના -ચાર--સારના ઉમદા હેતુંથી આયુર્વેદ નિદાન સારવાર, -કૃતિ પરીક્ષણ તથા વૃધ્ધાવસ્થાજન્ય વ્યાધિ ચિકિત્સા અર્થે આયુર્વેદ મેગા કેમ્પનું આયોજન તા.૧૬મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું.

આયુર્વેદ મેગા કેમ્પનો લાભ કુલ- ૩૯૩ જેટલા લાભાર્થીઓએ લીધો હતો. જેમાં આયુર્વેદ પધ્ધતિથી નિદાન ચિકિત્સા કેમ્પમાં ૨૯૪ જેટલા લાભાર્થી, વૃદ્ધાવસ્થાજન્ય વ્યાધિ ચિકિત્સા કેમ્પમાં ૭૨, -કૃતિ પરીક્ષણ કેમ્પમાં ૫૯નો સમાવેશ થાય છે. આ કેમ્પમાં ડૉ. દક્ષેન ડી. ત્રિવેદી, ડૉ. અમીત પટેલ, ડૉ. એ.એ.ગોસાઇ, ડૉ કામીની વ્યાસ, ડૉ. હેમાંગીની આર્ય, ડૉ. ભાવેશ પટેલ તથા ડૉ. ઘનશ્યામ -જાપતિએ સેવા આપી હતી.

આ મેગામાં કેમ્પમાં જિલ્લા પંચાયતના -મુખ શ્રી હિનાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, તાલુકા પંચાયતના -મુખ શ્રી જાગૃતિબેન પટેલ, નગરપાલિકાના -મુખ શ્રી ગોવિંદભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી જયેશભાઈ પટેલ, મદદનીશ નિયામક આયુર્વેદ શ્રી -કાશભાઈ ઉપાધ્યાય, સીનીયર સિટીઝન મંડળ, માણસાના -મુખ શ્રી દિલીપસિંહ તથા નગરના અગ્રણીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહ્યાં હતાં.


## આજે પ્રાંતિજમાં પોલીયો રવિવાર

પ્રાંતિજ, તા.૧૭

પ્રાંતિજ તાલુકામાં પોલીયો રસીકરણ અંતર્ગત તાલુકાનું એક પણ બાળક પલ્સ પોલીયો વિરોધી રસીના ટીપાથી વંચિત ન રહી જાય તે માટે પોલીયો નાબુદી ઝુંબેશ અંતર્ગત તાલુકા હેલ્થ કચેરી દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

૧૮મી જાન્યુઆરી પોલીયો રવિવારે પલ્સ પોલીયો નાબુદી ઝુંબેશ હેઠળ ૦ થી ૫ વર્ષના ૨૩૦૦૦થી વધુ બાળકો પોલિયો વિરોધી રસીના ટીપા પીવડાવવામાં આવશે. આરોગ્ય વિભાગે ૮૫ જેટલા બુથો ઉભા કરી ૩૪૦ જેટલા આરોગ્ય કર્મીઓની સેવા લેવાનું નક્કી કર્યું છે. આ કાર્યક્રમ તાલુકા આરોગ્ય અધિકારી ગૌતમ નાયકના નેતૃત્વમાં થઈ રહ્યો છે.

## શબ્દાવલી - ૫૬૧૯



### આડી ચાવી

૧. ખાસ અંગની રક્ષા કરવા માટે રખાયેલ માણસ (૫)
૪. વિચાર, વોટ (૨)
૬. દૂધની એક વાનગી (૨)
૭. મનસ્વી, મસ્ત (૩)
૮. પાર્વતી (૨)
૯. ... કરીને પડો, ફતેહ છે આગે (૩)
૧૧. પુસ્તકાલય, ગ્રંથાલય (૫)
૧૩. એક પક્ષી (૨)
૧૫. નારી, સ્ત્રી (૨)
૧૬. મરીયા (૨)
૧૭. ઓઢવાનું રૂનું ગોદડું (૩)
૧૯. સમગ્ર, બધુ (૩)
૨૧. મોદક (૨)
૨૩. ઉપપત્ની, પરણ્યા વગર રાખેલ સ્ત્રી (૩)
૨૫. સમુદ્ર, સાગર (૩)
૨૬. તેજ, ઓજસ (૨)

### ઊભી ચાવી

૧. આકાશ, નભ (૩)
૨. મોટાઇ, પ્રતિભા (૩)
૩. ભૂલની માફી માગવી તે(૫)
૪. ...યુદ્ધ, કુસ્તી (૨)
૫. તાપ, સૂર્યનો તાપ (૩)
૭. કહેલું તરત... માં લેવું, તાત્કાલિક પગલાં લેવા (૩)
૧૦. કુદરતી આફત (૪)
૧૨. અનાથાશ્રમ (૫)
૧૩. જૂનાગઢ, ગિરપ્રદેશનો પર્વત (૪)
૧૪. ધ્વજ (૨)
૧૮. ઉપાય (૩)
૨૦. મારવું તે (૨)
૨૨. એપ્રિલફૂલ ડબ્બા... (૨)
૨૪. દૂધની મલાઇનું પડ (૨)

### શબ્દાવલી ૫૬૧૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) એતબાર (૪) અનાડી (૬) મળતાવડુ (૭) લત (૧૦) ફુલ (૧૧) ગરમર (૧૩) દંગલ (૧૪) શામ (૧૫) ત્રેતા (૧૬) ગઝલ (૧૭) અવળી (૧૯) જડ (૨૦) આયાત

**ઊભી ચાવી :-** (૧) એપ્રિલફુલ (૨) બામ (૩) રળવું (૪) નાડુ (૮) તલ (૯) ગરમ (૧૧) ગલગલીયા (૧૨) મશાલ (૧૩) દંતાળી (૧૫) ત્રેવડ (૧૭) અજ (૧૮) મોહ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ